પાલિકાએ કલ્યાણ બાગમાં સફાઈ આદરી

‘ગુજરાતમિત્ર’ના અહેવાલ બાદ ઊંઘતી ઝડપાયેલી પાલિકા હરકતમાં આવી

ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ જાતે સફાઈમાં જોડાયા



ગુજરાતમિત્ર ઈમ્પેક્ટ

વલસાડ : વલસાડની શાન ગણાતા કરોડો રૂપિયાના ખર્ચે બનેલા ઐતિહાસિક કલ્યાણ બાગની બદહાલ સ્થિતિ, ગંદકી અને અસામાજિક તત્ત્વોના અડ્ડા અંગે ‘ગુજરાતમિત્ર’ અખબારમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલની જોરદાર અસર જોવા મળી છે. અખબારી અહેવાલ પ્રસિદ્ધ થતાં જ ઊંઘતી ઝડપાયેલી વલસાડ નગરપાલિકા હરકતમાં આવી ગઈ હતી અને તાબડતોબ કલ્યાણ બાગ ખાતે સઘન સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. જિલ્લા કલેક્ટર દ્વારા છેલ્લા એક માસથી સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, તેમ છતાં શહેરના હાર્દસમા કલ્યાણ બાગમાં કચરાના ઢગ ખડકાયેલા હતા. આ મુદ્દે લોકલાગણીને વાચા આપતા અહેવાલ બાદ પાલિકા તંત્ર દોડતું થયું હતું. કલ્યાણ બાગમાં હાથ ધરાયેલી આ વિશેષ સફાઈ ઝુંબેશમાં પાલિકાના ઉચ્ચ અધિકારીઓ તેમજ ચૂંટાયેલા પદાધિકારીઓ પણ જાતે જોડાયા હતા અને પરિસરમાંથી કચરો તથા સૂકું ઘાસ હટાવી સ્વચ્છતા કરાવી હતી.



આ સફાઈ માત્ર ફોટો સેશન ન બની જાય તે જરૂરી

જોકે, શહેરીજનોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે આગામી 3 તારીખે રાજ્યના મુખ્યમંત્રી વલસાડની મુલાકાતે આવી રહ્યા હોવાથી તંત્રએ આ આભાસી દોડધામ કરી છે. મુખ્યમંત્રીના પ્રવાસ ટાણે થયેલી આ સફાઈ માત્ર ફોટો સેશન કે ક્ષણિક દેખાડો બનીને ન રહી જાય અને દિવાળી વેકેશન દરમિયાન બાળકો અને પરિવારો મુક્ત મને અહીં આવી શકે તે માટે આ બાગની નિયમિત જાળવણી થાય તે અત્યંત જરૂરી છે.

વાપીના ચલામાંથી યુવકની બાઈક ચોરાઈ

વાપી : વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, વાપીના ચલા સ્થિત શ્રીનાથજી એપાર્ટમેન્ટમાં રહેતા ભાવેશ શિરીષભાઈ લાડ (ઉં.૨૮) ગ ગત તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મિત્ર સાથે દમણ ગરબા રમવા જવાના હતા. આ માટે તેમણે પોતાની બાઈક વાપીના અજીતનગર ચલા ખાતે આવેલા યશ જનરલ સ્ટોર સામે પાર્ક કરી હતી અને ત્યાંથી મિત્રની કારમાં દમણ ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ બંધ બાઈકનું લોક તોડીને તે ચોરી કરી લીધી હતી. દમણથી પરત આવ્યા બાદ બાઈક પોતાની જગ્યાએ ન મળતા યુવકે ભારે શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. આ અંગે આશરે ૪૦ હજાર રૂપિયાની કિંમતની બાઈક ચોરાયાની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકે નોંધાવવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં અનાવિલ રાસ ગરબા અને સ્નેહમિલન યોજાયું



વાપી : વાપીમાં અનાવિલ યુવા સંગઠન દ્વારા આયોજિત યુવા અનાવિલ રાસ ગરબા અને અનાવિલ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય કનુભાઈ દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને જ્ઞાતિજનો સાથે રાસ ગરબાની રમઝટ માણી હતી. યુવા અનાવિલ વાપીના પ્રમુખ મનીષ દેસાઈ અને તેમની સમગ્ર ટીમના પરિશ્રમથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ કાર્યક્રમમાં વાપી, પારડી, ઉમરગામ, ઉદવાડા, દમણ અને સેલવાસના 1200 થી વધુ અનાવિલ બંધુઓ બહેનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીષભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વાપી મહાનગરપાલિકાના ચૂંટાયેલા અનાવિલ નગરસેવકોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ખેરગામ તાલુકામાં રૂપિયા ૨૨.૩૫ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત




ખેરગામ : રાજ્યના મંત્રી નરેશ પટેલના હસ્તે ખેરગામ તાલુકાના વિવિધ ગામોમાં રૂપિયા ૨૨.૩૫ કરોડના વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકાર આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. આ અંતર્ગત પાટી ગામે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ તોરણવેરા-પાટી-ખટાણા રોડ પર બ્રિજ તેમજ વિવિધ ફળિયાઓમાં રસ્તા અને માઇનોર બ્રિજનાં કામો હાથ ધરાશે. નડગધરી ગામે મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રસ્તાનું કામ થશે, જ્યારે ધામધુમા ગામે માઇનોર બ્રિજનું નિર્માણ કરાશે. આ ઉપરાંત ઢોલુમ્બર-તોરણવેરા મુખ્ય રસ્તાથી બંધપાડા અને ખોરીપાડા તરફ જતા રસ્તાઓનું મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના (MMGSY) હેઠળ રીસરફેસિંગ કરવામાં આવશે. આ પ્રસંગે ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ હંસા દેસાઈ, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ કૌશિક પટેલ, શાંતિલાલ પટેલ સહિત સરપંચો, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બક્ષીપંચ મોરચા વાંસદા મંડળના પ્રભારી તરીકે વિરલ સોલંકીની નિમણૂક



વાંસદા : બક્ષીપંચ મોરચા નવસારી જિલ્લા પ્રમુખ વિજયભાઈના સૂચન અને માર્ગદર્શન હેઠળ યુવા કાર્યકર વિરલ વિનોદભાઈ સોલંકીની બક્ષીપંચ મોરચા વાંસદા મંડળના પ્રભારી તરીકે નિમણૂક કરવામાં આવી છે. સંગઠન દ્વારા વિરલ સોલંકી પર વિશ્વાસ વ્યક્ત કરી તેમને આ નવી જવાબદારી સોંપવામાં આવતાં સ્થાનિક કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેમની નિમણૂકથી વાંસદા મંડળમાં બક્ષીપંચ મોરચાની સંગઠનાત્મક કામગીરીને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. વિરલ સોલંકી કાર્યકરો સાથે સંકલન સાધી સંગઠનને મજબૂત બનાવવા તેમજ બક્ષીપંચ સમાજના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓને યોગ્ય મંચ સુધી પહોંચાડવા સક્રિય ભૂમિકા ભજવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

બીલીમોરા કોળી પટેલ સમાજનો પારિતોષિક પ્રદાન સમારોહ યોજાયો



કેરસી બારીયા

બીલીમોરા : નવસારી સાંસદ સી આર પાટીલ અને કેબિનેટ મંત્રી નરેશ પટેલની ઉપસ્થિતિમાં બીલીમોરા વિભાગ કોળી પટેલ સમાજનો ૩૦’મો પારીતોષિક સમારંભ યોજાયો હતો. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ માં શ્રેષ્ઠ દેખાવ કરનારા ૮૪ તેજસ્વી તારલાઓ અને પૂર્વ પ્રમુખો સહિત ૧૨ વિશિષ્ટ સિદ્ધિ વીરોનું શાલ અને પ્રમાણપત્રથી સન્માન કરાયું હતું. આ પ્રસંગે સાંસદ સી આર પાટીલે જણાવ્યું હતું કે સમાજના પ્રમુખની વરણી સંમતિથી થાય, ધીરુભાઈ પટેલ જેવા યોગ્ય વ્યક્તિની પસંદગી થઈ છે. જે સાથે કોળી પટેલ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી સમાજને રૂપિયા ૧૧ લાખ અનુદાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે સીઆર પાટીલનાં હસ્તે માજી પ્રમુખો સહિત ૧૨ વિશિષ્ટ સિદ્ધવીરોને સન્માનિત કરાયા હતા. મંત્રી નરેશ પટેલના હસ્તે તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે વક્તા અશ્વિન પટેલ (આચાર્ય ધમડાછા હાઇસ્કુલ) એ વિદ્યાર્થીઓને જીવન શિક્ષણના પાઠ શીખવ્યા હતા. પ્રમુખ ધીરુભાઈ પટેલ, મંત્રી ધીરજલાલ પટેલ, કન્વીનર અજુવેન્દ્ર પટેલ, મંત્રી (શિક્ષણ સમિતિ) પ્રશાંત પટેલ સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા.

મોરાઈમાં સગા ભાઈઓ સાથે ફરવા બાબતે યુવક પર બે નો હુમલો

વાપી : વાપીના મોરાઈ દેસાઈવાડમાં સમીર પ્રવીણભાઈ હળપતિ (ઉં.૨૫) રહે છે. તેમની ઘરની પાછળ જ તેમના ફોઈનો છોકરો સતિષ સોમાભાઈ હળપતિ પણ રહે છે. ગત ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજે સાડા સાતેક વાગ્યાની આસપાસ સમીર પોતાની બાઇક લઈને ફોઈના દીકરાને મળવા જઈ રહ્યા હતા. તે દરમિયાન ફળિયામાં રહેતા પ્રતીક અને પંકજ રમેશભાઈ પટેલ નામના બે ભાઈઓએ તેમને અટકાવીને પૂછ્યું હતું કે, તું સતિષ સાથે કેમ ફરે છે? જેના જવાબમાં સમીરે કહ્યું હતું કે તે મારા ફોઈનો છોકરો છે, એટલે હું તેના ઘરે તો જવાનો જ છું. આ વાતથી ઉશ્કેરાઈને બંને ભાઈઓએ સમીર સાથે બોલાચાલી કરી ઢીકામુક્કીનો માર માર્યો હતો. આ બનાવ બાદ સમીર જ્યારે પોતાના ફોઈના દીકરા સતિષના ઘરે પહોંચ્યા, ત્યારે ત્યાં પણ બંને ભાઈઓ સતિષ સાથે ઝઘડો કરી રહ્યા હતા. સતિષને છોડાવવા વચ્ચે પડેલા સમીર સાથે ફરીથી મારામારી કરવામાં આવી હતી. આ ઘટના અંગે સમીર હળપતિએ પ્રતીક અને પંકજ રમેશભાઈ પટેલ (બંને રહે. મોરાઈ દેસાઈવાડ, વાપી) સામે વાપી ટાઉન પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

જલાલપોર નશામુક્તિ કેન્દ્રમાં અમદાવાદના યુવકનું શંકાસ્પદ મોત

નશાની લત છોડાવવા દાખલ કરાયેલા યુવકની અચાનક તબિયત લથડતાં હોસ્પિટલ ખસેડાયો

નવસારી : જલાલપોર તાલુકાના નાની પેથાણ ગામે આવેલા વેલકેર નશામુક્તિ કેન્દ્રમાં સારવાર માટે દાખલ થયેલા અમદાવાદના ૪૨ વર્ષીય યુવકનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજતાં ચકચાર મચી છે. નશાની લત છોડાવવા માટે કેન્દ્રમાં દાખલ કરાયેલા યુવકની તબિયત શરૂઆતથી જ નાદુરસ્ત હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન અચાનક તબિયત લથડતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

મળતી માહિતી મુજબ, અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં વટવા રોડ પર આવેલી પુષ્કર સોસાયટીમાં રહેતા કુણાલભાઈ વિનોદકુમાર લિંબાચીયા (ઉં.વ. ૪૨) ને નશાની લત છોડાવવા નાની પેથાણ સ્થિત વેલકેર નશામુક્તિ કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા.

કેન્દ્રમાં દાખલ થયા બાદ તેમની તબિયત નાદુરસ્ત રહેતાં માનસિક રોગના નિષ્ણાત તબીબ પાસે તેમની સારવાર કરાવવામાં આવી હતી. જોકે, તે જ દિવસે સાંજે તબિયત વધુ લથડતાં તેઓ બેભાન થઈ ઢળી પડ્યા હતા.

બનાવને પગલે કેન્દ્રના સંચાલકોએ કુણાલભાઈને નવસારીની ઓરેન્જ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાને પગલે જલાલપોર પોલીસે કેન્દ્રના સંચાલક દેવાંગકુમાર દેસાઈની જાહેરાતના આધારે અકસ્માત મોતની નોંધ કરી છે. હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

ડાંગના ગિરિમથકે સૂર્યાસ્તનો નજારો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો



ગીરીશ ભોયે

સાપુતારા : ગિરિમથક સાપુતારા ખાતે હવામાનમાં પલટો આવતાં ધીમે ધીમે ગુલાબી ઠંડીનો પગરવ શરૂ થઈ ચૂક્યો છે. શિયાળાની આગમનસમી સાંજ સાથે જ ડાંગની લીલીછમ વાદિઓ અને પર્વતો વચ્ચે વાતાવરણ અત્યંત આહલાદક અને રોમેન્ટિક બની ગયું છે. સાંજના સમયે ગિરિમથક પર પથરાતી ઠંડી હવા અને ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે સૂર્યાસ્તનો નજારો પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. સાંજના સમયે જ્યારે સૂર્યદેવ પહાડીઓની પાછળ અસ્ત થવા તરફ પ્રયાણ કરે છે, ત્યારે સમગ્ર આકાશ ઘેરા કેસરી, લાલ અને સોનેરી રંગની છટાઓથી ઝળહળી ઊઠે છે. સાપુતારાના શાંત અને વિશાળ સરોવરમાં અસ્ત થતા સૂર્યનું કેસરી પ્રતિબિંબ પાણીની સપાટી પર એ રીતે પથરાય છે. જાણે આખું સરોવર સોનેરી પ્રકાશમાં નહાઈ રહ્યું હોય. સાંજની આ નયનરમ્ય પળો દરમિયાન પ્રવાસીઓ નૌકાવિહારનો આનંદ માણતા માણતા ક્ષિતિજ પર સૂર્યાસ્તની આહલાદક ક્ષણોને નિહાળી રહ્યા છે. સાપુતારાના સનસેટ પોઇન્ટ, સરોવર કિનારે તેમજ પહાડી વિસ્તારોમાં પ્રવાસીઓ કુદરતના આ દિવ્ય રૂપને પોતાના કેમેરા અને સ્માર્ટફોનમાં કંડારવા માટે ભારે ઉત્સાહ દર્શાવી રહ્યા છે.

ઓનલાઈન વર્ક ફ્રોમ હોમના નામે વલસાડ જુજવાના વિદ્યાર્થી સાથે ઠગાઈ

રજિસ્ટ્રેશન ફી, પ્રોસેસિંગ ફાઈલ ચાર્જ, સિક્યોરિટી ફી, બેંકિંગ ફી અને ડોક્યુમેન્ટ વેરિફિકેશનના નામે નાણાં ખંખેરાયાં


રૂપિયા ૫૫,૨૧૪ની રકમ ટ્રાન્સફર કરાવી લેતાં ગુનો નોંધાયો

વલસાડઃ ઓનલાઈન કમાણી અને ‘વર્ક ફ્રોમ હોમ’ (ઘરેબેઠા કામ) શોધતા યુવાનોને નિશાન બનાવતી સાયબર ફ્રોડ ગેંગે વલસાડ જિલ્લાના એક વિદ્યાર્થીને પોતાની જાળમાં ફસાવી રૂ.૫૫,૨૧૪ની રકમ પડાવી લીધી છે. આ અંગે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનાહિત ઠગાઈ અને આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ વલસાડના જુજવા ગામના મિલ ફળિયામાં રહેતો ૨૨ વર્ષીય અભી પંકજભાઈ પટેલ મહેસાણાના પીલાવાવમાં બી.એડ. ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. તે ગત ૧૦ જુલાઈ-૨૦૨૬ના રોજ પોતાના મોબાઈલ પરથી ગૂગલ પર ઓનલાઈન જોબ શોધી રહ્યો હતો. એ સમયે ‘Official Handwritten Publication’ નામની એક લિંક પર ક્લિક કરતાં તે એક ટેલિગ્રામ ગ્રુપમાં જોડાયો હતો. બાદ અતુલકુમાર વર્મા અને વિનોદકુમાર નામના વપરાશકર્તાઓ દ્વારા અલગ-અલગ QR કોડ મોકલીને નોકરી અપાવવાના બહાને રજિસ્ટ્રેશન ફી, પ્રોસેસિંગ ફાઈલ ચાર્જ, સિક્યુરિટી ફી, બેંકિંગ ફી અને ડોક્યુમેન્ટ વેરિફિકેશનના નામે ટુકડે-ટુકડે નાણાં ઉપાડવાનું શરૂ કરવામાં આવ્યું હતું. બાદ રિફંડ મેળવવાની લાલચ આપીને પીડિત પાસેથી વિવિધ UPI ID દ્વારા કુલ રૂ.૫૫,૨૧૪ની રકમ ટ્રાન્સફર કરાવી લેવામાં આવી હતી. રૂપિયા જમા કરાવ્યા છતાં રિફંડ ન મળતાં તેમજ સાયબર ઠગાઈનો ભોગ બન્યાનો અહેસાસ થતાં યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે વલસાડ રૂરલ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન.ગઢુ દ્વારા આ ઓનલાઈન ફ્રોડ ગેંગના સભ્યોને ઝડપી પાડવા માટે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

ડુંગરીમાં સગીરા સાથે દુષ્કર્મ આચરી લાખો પડાવનાર નરાધમ ઝડપાયો

પોલીસ દ્વારા આરોપી ધ્રુવિલ પટેલની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા



વલસાડ : વલસાડ જિલ્લાના ડુંગરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરા સાથે દુષ્કર્મ આચરી, તેના ફોટા વાયરલ કરવાની ધમકી આપીને રોકડ અને સોનાના દાગીના પડાવી લેવાના ગંભીર ગુનાનો પોલીસે આરોપીને ઝડપી લીધો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, સગીરાના વાલીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી ધ્રુવિલ સંપતભાઈ પટેલ (રહે. શંકરતળાવ, વલસાડ) સગીરાને લલચાવીને તીથલ રોડ પરની એક હોટલમાં લઈ ગયો હતો. ત્યાં તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરી ફોટા પાડી લીધા હતા. ત્યારબાદ આ ફોટા વાયરલ કરવાની ધમકી આપી અવારનવાર બ્લેકમેઈલ કરી ઘરમાંથી રૂપિયા ૨,૬૧,૦૦૦ રોકડા તેમજ આશરે ૩૨.૪ તોલા સોનાના દાગીના (કિંમત રૂપિયા ૪૩,૪૮,૭૨૮) બળજબરીપૂર્વક પડાવી લીધા હતા. આ અંગે ડુંગરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે તપાસ હાથ ધરી આરોપી ધ્રુવિલ પટેલને ઝડપી પાડી તેના રિમાન્ડ મેળવ્યા હતા. પોલીસે આરોપી પાસેથી આશરે ૧૫.૩૩ તોલા સોનાના દાગીના, રૂપિયા ૫,૦૦૦ રોકડા, મોબાઈલ ફોન અને ડાયરી સહિત કુલ રૂપિયા ૧૯,૬૪,૨૯૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનનો વોન્ટેડ આરોપી દમણથી ઝડપાયો

વાપી : સુરત ગ્રામ્યના બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫માં પ્રોહિબિશન એક્ટ હેઠળનો ગુનો નોંધાયો હતો, જેમાં મનીષ ઉર્ફે પીકેન ખાલપાભાઈ પટેલ (ઉં.વ. ૩૪, રહે. પરિયારી, મોટી દમણ) વોન્ટેડ હતો.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને એલસીબી પી.આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ તપાસમાં હતી. આ દરમિયાન મળેલી બાતમીના આધારે વોન્ટેડ આરોપી મનીષ પટેલને સંઘપ્રદેશ દમણના વાંકડથી ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે સોંપીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાપીમાં મુખ્યમંત્રી સરકારી હૉસ્પિટલનું લોકાર્પણ કરશે

વાપી : બલીઠા હાઈવે સ્થિત રૂપિયા 50 કરોડના ખર્ચે સાકાર થયેલી અદ્યતન સરકારી હોસ્પિટલનું લોકાર્પણ 3-11-2026 ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવશે. મંત્રી કનુભાઈ દેસાઈના પ્રયાસોથી સાકાર થયેલી આ હોસ્પિટલ થકી લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. સામાન્ય વર્ગના દર્દીઓને સારવાર માટે વલસાડ અથવા ચલા સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્ર સુધી જવુ પડતું હતું. આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થવાથી દર્દીઓને રાહત મળશે. આધુનિક તબીબી ઉપકરણો, વિવિધ 18 ઓપીડીથી સજ્જ આ હોસ્પિટલ વાપીના નાગરિકોને સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડશે અને સારવાર માટે દૂર સુધી જવાની મુશ્કેલીમાં ઘટાડો થશે.

લોકલ ટ્રેનોના લાંબા હોલ્ટથી અપ-ડાઉન કરનારાઓને હાલાકી

રેલવેના ટાઈમટેબલમાં મુસાફરોની સુવિધા ગૌણ?, સવારે-સાંજે પીક અવર્સમાં ટ્રેનોની અછત

૬૯૧૪૯ મેમુને જૂના શિડ્યૂલ મુજબ દોડાવવા અને વધારાની લોકલ સેવા શરૂ કરવા ઉગ્ર માંગ



નવસારીઃ દક્ષિણ ગુજરાતના રેલવે રૂટ પર દૈનિક મુસાફરી કરતા હજારો નોકરિયાતો અને વિદ્યાર્થીઓ માટે લોકલ ટ્રેનની મુસાફરી સુવિધા કરતાં મુશ્કેલી વધુ બની રહી છે. એક તરફ અનુકૂળ સમયે ટ્રેનો ઉપલબ્ધ નથી તો બીજી તરફ દોડતી મેમુ ટ્રેનોને પણ અન્ય સુપરફાસ્ટ ટ્રેનોના ક્રોસિંગ માટે લાંબા સમય સુધી લૂપ લાઈનમાં રોકી રાખવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી છે. ખાસ કરીને ૬૯૧૪૯ વલસાડ-સુરત મેમુને ડુંગરી, બીલીમોરા, અમલસાડ અને વેડછા સ્ટેશનો પર લાંબા હોલ્ટ અપાતા મુસાફરોનો સમય બરબાદ થઈ રહ્યો છે. સવારે ૭થી ૯નો સમય નોકરિયાતો અને વિદ્યાર્થીઓ માટે સૌથી મહત્ત્વનો હોવા છતાં આ સમયગાળામાં પૂરતી લોકલ સેવા ન મળતાં મુસાફરોને એક્સપ્રેસ ટ્રેનોના મર્યાદિત જનરલ કોચમાં ભારે ભીડ વચ્ચે મુસાફરી કરવી પડે છે. પરિણામે ઓફિસ, ફેક્ટરી અને શાળા-કોલેજમાં સમયસર પહોંચવાની મુશ્કેલી સર્જાય છે. આ પરિસ્થિતિમાં મુસાફરોએ ૬૯૧૪૯ મેમુ ટ્રેનને કોરોના કાળ પહેલાંના સમયપત્રક મુજબ વિરારથી સુરત સુધી દોડાવવા, ઉમરગામથી સુરત વચ્ચે સવારે દર કલાકે લોકલ ટ્રેન શરૂ કરવા તેમજ સાંજે ૭ વાગ્યા બાદ સુરતથી નવસારી તરફ વધારાની મેમુ સેવા શરૂ કરવાની માંગ કરી છે. મુસાફરોનું કહેવું છે કે રેલવે તંત્રએ સુપરફાસ્ટ ટ્રેનોના સંચાલન સાથે દૈનિક લોકલ મુસાફરોની જરૂરિયાતને પણ સમાન મહત્ત્વ આપવું જોઈએ. અન્યથા સમયપત્રકની આ સમસ્યાનો ભોગ હજારો મધ્યમવર્ગીય મુસાફરો બનતા રહેશે.

ધરમપુરના કોઠી ફળિયામાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

વેપારીના ઘરના તાળાં તોડી ત્રાટકેલા ચોરો સોનાના દાગીના અને રોકડ સહિત રૂપિયા 78 હજાર ચોરી ગયા

ધરમપુર : ધરમપુર શહેરના કોઠી ફળિયામાં બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી સોનાના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા 78 હજાર મત્તાની ચોરી કરી ફરાર થયા અંગેની ફરિયાદ ધરમપુર પોલીસ મથકે નોંધાવી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, ધરમપુરના કોઠી ફળિયામાં રહેતાં અને વેપારનો વ્યવસાય કરતાં સીતાબેન બચુભાઈ વાઘરી (ઉં.48)નું મકાન તા.30 ઓક્ટોબરના રોજ સવારે 6થી રાત્રે 11 વાગ્યા દરમિયાન બંધ હતું. આ સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ મકાનના બંધ દરવાજાનું તાળું કોઈ સાધન વડે તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તસ્કરોએ ઘરમાં મૂકેલા કબાટની તિજોરીનું લોક પણ કોઈ સાધન વડે તોડી તેમાં રાખેલા સોનાના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હતી. ચોરાયેલા મુદ્દામાલમાં આશરે રૂપિયા 30 હજારની કિંમતનું 26 મણકા અને ગોળ પેન્ડલવાળું સોનાનું મંગળસૂત્ર, રૂપિયા 5 હજારની કિંમતના ચાર સોનાના મણકા, રૂપિયા 3 હજારની કિંમતનું એક સોનાનું પેન્ડલ તેમજ રોકડા રૂપિયા 40 હજારનો સમાવેશ થાય છે. આમ, તસ્કરો કુલ રૂપિયા 78 હજારની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સીતાબેન વાઘરીએ ધરમપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

દાગીના હેવી લેવા હોય કે લાઈટક્યુટ
દરેકનાં માટે પુષ્કળ વેરાઈટીઓ
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
R.A. Parikh Jewellers NX
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181